**આદર્શ નિવાસી શાળા (કુમાર), સાગબારા, જિ.નર્મદા માટે શાળા મકાન અને હોસ્ટેલ બિલ્ડીંગના નવા બાંધકામ કરાવવા અંગેની બાબતને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના સુધારેલ અંદાજોમાં વહીવટી મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**આદિજાતિ વિકાસ વિભાગ**
ઠરાવ ક્રમાંક:અનશ/૨૦૨૦૨૧/ન.બા-૬/ગ
સચિવાલય, ગાંધીનગર
**તા.૧૯/૦૭/૨૦૨૨**

**વંચાણે લીધા:**

(૧) નિયામકશ્રી(આ.વિ)ની કચેરી, ગાંધીનગરનો તા.૨૨/૧૧/૨૦૨૧નો પત્ર નં.આવિ/અનશ/ન.બા/ફા.નં.૧૫૩૨/૨૦૨૧/૬૧૫ થી ૬૧૬

(૨) નિયામકશ્રી(આ.વિ)ની કચેરી, ગાંધીનગરનો તા.૧૧/૦૧/૨૦૨૨નો પત્ર નં.આવિ/અનશ/ન.બા/ફા.નં.૧૫૩૨/૨૦૨૧/૩૧

(૩) આદિજાતિ વિકાસ વિભાગની બજેટ શાખાનો તા.૨૩/૦૨/૨૦૨૨નો પત્ર ક્ર:બીયુડી/૧૦૨૦૨૨/૧૦૩/છ

**આમુખ:**

ઉપર્યુકત વંચાણે લીધેલા ક્ર:(૧) અને (૨) સામેના નિયામકશ્રી (આ.વિ)ના પત્રથી, આદર્શ નિવાસી શાળા (કુમાર), સાગબારા, જિ.નર્મદા માટે શાળા મકાન અને હોસ્ટેલ બિલ્ડીંગના નવા બાંધકામ કરાવવા અંગેની કુલ રૂ.૨૧૪૫.૯૨ લાખના અંદાજીત ખર્ચના ૩૩.૩૩% મુજબ રૂ.૭૧૫.૩૦ લાખની વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત અત્રે રજૂ કરવામાં આવેલ હતી. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્ર:(૩) સામેના વિભાગની બજેટ શાખાના પત્રની વિગતે, તા.૨૮/૦૧/૨૦૨૨ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં સદરહુ આદર્શ નિવાસી શાળા (કુમાર), સાગબારા, જિ.નર્મદા માટે શાળા મકાન અને હોસ્ટેલ બિલ્ડીંગના નવા બાંધકામ કરાવવા અંગેની બાબતનો, વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં થનાર બચતમાં સમાવેશ કરી, વર્ષ ૨૦૨૧-૨૨ના સુધારેલ અંદાજોમાં સમાવેશ કરવા નિર્ણય લેવામાં આવેલ છે.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના સુધારેલા અંદાજોમાં આદર્શ નિવાસી શાળા (કુમાર), સાગબારા, જિ.નર્મદા માટે શાળા મકાન અને હોસ્ટેલ બિલ્ડીંગના નવા બાંધકામ કરાવવા માટે કુલ રૂ.૨૧૪૫.૯૨ લાખના અંદાજોને ૩૩.૩૩% મુજબ રૂ.૭૧૫.૩૦ લાખને પ્રથમ વર્ષની જોગવાઇ સાથે નીચેની શરતોની આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) સદરહુ બાબતે આ વિભાગના તા.૧૩/૦૭/૨૦૨૨ ના પત્ર ક્ર : અનશ/૨૦૨૦૨૨/૨૨૧/ગ થી મંજૂર કરવામાં આવેલ ટાઇપ ડીઝાઈન (Type Design) મુજબ Unit Cost સક્ષમ કક્ષાએ મંજૂર કરાવીને તે પ્રમાણે જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

(૨) યુનિટ કોસ્ટની રકમ વહીવટી મંજૂરી આપવા માટેની છે. પરંતુ ટેન્ડર અંદાજિત રકમ કરતાં નીચું આવે તો નાણાકીય ફાળવણી વર્ક ઓર્ડર મુજબ જ કરવાની રહેશે. વર્ક ઓર્ડરની રકમથી વધુની રકમ અથવા વર્ક ઓર્ડરમાં સામેલ કરેલ કોમ્પોનન્ટ સિવાયની વધુ બાબતો લેવાથી વધુ રકમની અમલીકરણ એજન્સી( માર્ગ અને મકાન વિભાગ) ને જરૂર જણાય તો નિયામકશ્રી (આ.વિ) દ્વારા અત્રે દરખાસ્ત કરી મંજૂરી મેળવી લેવાની રહેશે અને મંજૂરી લીધા બાદ નિયામકશ્રી (આ.વિ) વધારાની નાણાકીય ફાળવણી કરી શકશે.

(૩) વર્ક ઓર્ડરની રકમ પણ નિયામકશ્રી (આ.વિ) દ્વારા બે તબક્કામાં અમલીકરણ એજન્સી (માર્ગ અને મકાન વિભાગ) ને કામની પ્રગતિના આધારે ફાળવણી કરવાની રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ:૨૦૨૧-૨૨ની સુધારેલ અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરવી લેવાની રહેશે.

(૬) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા/અંદાજો રજૂ કરી સક્ષમ અધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૧૧) બાંધકામના કામોમા P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૨) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૩) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૪) સૂચિત કામો પૈકી જે કામો **MNREGA** હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ **MNREGA** યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૧૫) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૬) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવી જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનુ જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલા જરૂરી ચોકસાઇ કરી લેવાની રહેશે.

(૧૭) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર

મેળવી લેવાની રહેશે.

(૧૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૯) આ યોજના અંગે કોઇ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સાઓમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ થી સૂચવવામાં આવેલ કાર્યપધ્ધતી અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઇ-માર્કેટપ્લસ (જી.ઇ.એમ) પોર્ટલ પરથી કરવાની રહેશે.

(૨૦) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૦૬/૧૯૯૪ ના પરિપત્ર ક્રમાંક: ખરચ/૧૦૯૪/૨૬૦/ઝ૧, તા.૨૦/૦૫/૧૯૯૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ/૧૦૯૬/ઓ /૬૪૫/ઝ૧, તા.૦૯/૦૯/૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક:ખરચ/૧૦૯૮/૭૦૪(૫૮)/ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:ખરચ/૧૦૨૦૧૦/૧૧૮/ઝ૧ અનુસારની તેમજ વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે.

(૨૧) કરકસરયુક્ત ખર્ચ કરવાની અને પોતાની અંદાજપત્રીય મર્યાદામાં પર્યાપ્ત જોગવાઇ સુનિશ્ચિત કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્ર.૯૬ આયોજન, મુખ્ય સદર:૪૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨-અનુસૂચિત જનજાતીઓનુ કલ્યાણ,ગૌણ સદર:૭૯૬-શિક્ષણ, પેટા સદર:૪૨-વીકેવાય-૫૧: અનુસૂચિત જનજાતીના વિદ્યાર્થીઓ માટે આદર્શ નિવાસી શાળાઓ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૮/૦૩/૨૦૨૨ની નોંધ તેમજ આ વિભાગની ફા.ક્ર: છતલ/૧૫૨૦૨૧/ન.બા.૧/ગ ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૮/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પી.એમ.પટેલ)**
**ઉપ સચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

નકલ રવાના:

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

- મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (નિયામકશ્રી (આ.વિ)મારફત)
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લાઓ (નિયામકશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ગ્રાન્ટની ફાળવણી બાબતે આ ઠરાવમાં સૂચવ્યા મુજબની જરૂરી કાર્યવાહી માટે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૨